**ક્રમાંક-૧૫**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**બુધવાર, તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ આહીર ( ભરવાડ ) અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

બુધવાર, તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ-૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ-૧૩થી ૯૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૧૧-૦૦ કલાકે પૂરો થયો.

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) ગુજ-ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઇ બેરા**

(૨) ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત**

(૩) ગાંધીનગર રેલ્વે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત**

(૪) ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત**

(૫) ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના સન ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૬) ગુજરાત જૈવ વિવિધતા બોર્ડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ**

(૭) ગુજરાત સ્ટેટ ડેમ સેફ્ટી ઓર્ગેનાઇઝેશન, ગાંધીનગરનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ

**માનનીય રાજ્યકક્ષાના જળસંપત્તિ મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ**

(૮) ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીના સન ૨૦૨૨–૨૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરીયા**

(૯) સન ૨૦૧૯ના ગ્રાહક સુરક્ષા અધિનિયમ અન્વયેના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગનાં,

(૧) તા. ૧૬/૦૧/૨૦૨૩નું જાહેરનામા ક્રમાંક:

જીટીએચ/૨૦૨૩/૧/સીપીએ/૧૦૨૦૨૧/૮૦૨૨૨/ડી,

(૨) તા. ૧૬/૦૧/૨૦૨૩નું જાહેરનામા ક્રમાંક:

જીટીએચ/૨૦૨૩/૨/સીપીએ/૧૦૨૦૨૧/૮૦૨૨૨/ડી

તેમજ ઉક્ત જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય રાજયકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર**

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)**

ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૨, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૩, જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૪ તથા વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલ અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૪ રાજય કક્ષાના ગૃહ, જેલ અને વાહન વ્યવહાર વિભાગના મંત્રીશ્રી હર્ષ સંઘવીએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૪૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨, ૩, ૪ અને ૬, માગણી ક્રમાંક–૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪, માગણી ક્રમાંક–૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ અને ૧૬ તથા માગણી ક્રમાંક–૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી અમીત ઠાકર
(૩) શ્રી અલ્પેશ ઠાકોર
(૪) શ્રી અમીત શાહ
(૫) શ્રી વિનોદભાઇ મોરડિયા
(૬) શ્રી બલરાજસિંહ ચૌહાણ ( પ્રવચન અધૂરું)

**(વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી બલરાજસિંહ ચૌહાણે અધૂરું રહેલું પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા
(૮) શ્રી શિવાભાઇ ગોહિલ
(૯) શ્રી કરશનભાઇ સોલંકી
(૧૦) શ્રી સંજયભાઇ કોરડીયા
(૧૧) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૧૨) શ્રી જિતેન્દ્રકુમાર પટેલ
(૧૩) શ્રી જિજ્ઞેશ મેવાણી

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજય કક્ષાના ગૃહ, જેલ અને વાહન વ્યવહાર વિભાગના મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો. ( પ્રવચન અધૂરું )

**૪. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો માગણીઓ પર ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમારે સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૨–૧૯)

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)( ક્રમશઃ)**

ત્યારબાદ અધૂરી રહેલ ચર્ચાનો જવાબ માનનીય પ્રભારી મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો.

માગણી ક્રમાંક–૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૬ સભાગૃહની મંજૂરીથી પરત ખેંચી લેવામાં આવી.

માગણી ક્રમાંક–૭૪ મત ઉપર મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક– ૨, ૩, ૪,૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩,૧૪, ૧૫ અને ૧૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૭૨, ૭૩ અને ૭૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, સોમવાર તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ**
**બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે બપોરના ૨–૫૨ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.